### મુખ્યમંત્રી દ્વારા કૃષિ વૈવિધ્યકરણ યોજનાના ઈ-લોન્ચીંગ અંતર્ગત માંગરોળ તાલુકાના મોસાલી ખાતે

# વનબંધુ કિસાનોને ખાતર-બિયારણ કિટનું વિતરણ કરાયું

## સાંસદ પ્રભુભાઈ વસાવાએ સુરત જિલ્લાના ૬૧૦૦ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓ માટે કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો પ્રારંભ કરાવ્યો

### વિડીયો કોન્ફરન્સ માધ્યમથી મુખ્યમંત્રીએ વનબંધુ કિસાનો સાથે સંવાદ કર્યો

--------------

(જનાદેશ પ્રતિનિધિ) સુરતઃ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતેથી રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાના ૫૩ તાલુકાઓના ૭૬ હજારથી વધુ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિવાસી કિસાનોને કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું ઇ લોન્ચીગ કરી રૂ. ૩૫ કરોડના ખાતર-બિયારણ કિટના વિતરણ કર્યું હતું, જેમાં માંગરોળ તાલુકાના મોસાલી ખાતે તાલુકા પંચાયતના સભાખંડમાં લાભાર્થી વનબંધુ કિસાનોને ખાતર-બિયારણ કિટનું વિતરણ કરાયું હતું. સાંસદ પ્રભુભાઈ વસાવાએ મોસાલીથી સુરત જિલ્લાના ૬૧૦૦ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓ માટે કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. વિડીયો કોન્ફરન્સ માધ્યમથી મુખ્યમંત્રીએ વનબંધુ કિસાનો સાથે વાતચીત કરતી વેળાએ માંગરોળ તાલુકાના લાભાર્થી ખેડૂત અતુલભાઈ રમેશભાઈ ગામીત સાથે સંવાદ કર્યો હતો.



આ પ્રસંગે સાંસદ પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, આ યોજના અંતર્ગત આદિજાતિ ખેડૂતોને ૧ એકર જમીન માટે સુધારેલ જાતના શાકભાજીના બિયારણ અથવા મકાઈના પાક માટેના બિયારણનો લાભ આપવામાં આવે છે. ખેડૂતોને ખાતરમાં યુરિયા ૪૫ કિ.ગ્રામ, એન.પી.કે.૫૦ કિ.ગ્રામ અને એમોનીયમ સલ્ફેટ ૫૦ કિ.ગ્રામની કીટ આપવામાં આવે છે. આદિવાસી ખેડૂતો માત્ર પરંપરાગત ખેત પદ્ધતિ ઉપર જ નિર્ભર ન રહેતા સુધારેલ મકાઇ તથા શાકભાજીના બિયારણ તથા ખાતર અને ખેતીને લગત આવશ્યક તાલીમ મેળવી વધુ ખેત ઉપજ અને વધુ આવક રળતા થાય અને તેમનું જીવનધોરણ સદ્ધર થાય તેવા ઉદેશ્યથી શરૂ થયેલી આ યોજનામાં અત્યાર સુધીમાં આશરે પાંચ લાખ આદિજાતિ ખેડૂતોને લાભો આપવામાં આવ્યા છે.

બાળ આયોગના બાળ આયોગના ચેરમેન શ્રી હર્ષદ વસાવા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી જગદીશ ગામીત, પ્રાયોજના વહીવટદારશ્રી એ.કે.ભરાડા તેમજ છોટાઉદેપૂર, દાહોદ, સુરત અને વલસાડના ગ્રામીણ ક્ષેત્રોમાં સાંસદશ્રીઓ, ધારાસભ્યો અને જિલ્લા-તાલુકા પ્રમુખો તથા વનબંધુ લાભાર્થીઓ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

### કૃષિ વૈવિધ્યકરણ યોજના આદિવાસી ખેડૂત ભાઈ-બહેનોને આત્મનિર્ભર બનાવશેઃ અતુલભાઈ ગામીત, લાભાર્થી




વિડીયો કોન્ફરન્સ માધ્યમથી મુખ્યમંત્રીશ્રીએ વનબંધુ કિસાનો સાથે વાતચીત કરતી વેળાએ માંગરોળ તાલુકાના ભીલવાડા ગામ(પાણી આમલી ફળિયા)ના લાભાર્થી ખેડૂત અતુલભાઈ રમેશભાઈ ગામીત સાથે પણ સંવાદ કર્યો હતો, જેની ખુશી વ્યકત કરતાં અતુલભાઈએ જણાવ્યું હતું કે, મને યોજના હેઠળ સારી જાતના હાઈબ્રીડ ટામેટાના બિયારણ અને ખાતરમાં યુરિયા ૪૫ કિ.ગ્રામ, એન.પી.કે.૫૦ કિ.ગ્રામ અને એમોનીયમ સલ્ફેટ ૫૦ કિ.ગ્રામની કીટ આપવામાં આવી છે. આ કીટ મળવાથી મારા પરનું આર્થિક ભારણ ઓછું થયું છે. આ ખાતર અને બિયારણના માધ્યમથી હું મારી ખેતીમાં ટામેટાનું વધુ સારૂ ઉત્પાદન મેળવી શકીશ. કૃષિ વૈવિધ્યકરણ યોજના આદિવાસી ખેડૂત ભાઈ-બહેનોને આત્મનિર્ભર બનાવશે એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## ચોમાસાની શરૂઆત થતા જ ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ પર સર્જાયા નયનરમ્ય દ્રશ્યો

(જી.એન.એસ.)નર્મદા,તા.૩૦

કોરોનાના કહેર વચ્ચે સરકારે સમગ્ર રાજ્યમાં લોકડાઉન જાહેર કર્યુ હતુ. લોકડાઉન ખુલ્યા પછી પણ અનલોક-૧ જાહેર કરી જરુરી ચીજવસ્તુઓની દુકાનો અને અમુક ઉદ્યોગોને શરતોને આધીન ખોલવાની મંજુરી આપી હતી. પરંતુ પર્યટક સ્થળોને ખોલવાની હજુ સુધી મંજુરી આપવામાં આવી નથી. આથી વિંધ્યાચલની ગિરિમાળાની વચ્ચે દુનિયાની સૌથી ઊંચી સરદાર પટેલની ૧૮૨ મીટરની પ્રતિમા બનાવવામાં આવી છે. વિશ્વની સોથી ઉંચી પ્રતિમા ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ પણ કોરોના કહેર વચ્ચે છેલ્લા ૧૧૦ દિવસથી પ્રવાસીઓ માટે બંધ છે. હાલ ચોમાસાની શરૂઆત થતાં નર્મદા જિલ્લો તેની સોળે કળાએ ખીલી ઉઠ્યો છે. ત્યારે ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ની આજુબાજુ નર્મદા ડેમમાં ઉપરવાસમાંથી પાણીની આવક થતા નર્મદા ડેમના તમામ પાવર હાઉસ ચાલુ કરવામાં આવ્યા છે. પાવર હાઉસ ચાલુ કરવાથી નર્મદા નદીમાં ૩૦ હજાર ક્યુસેક પાણી નર્મદા નદીમાં આવી રહ્યું છે. આથી સરદાર પટેલની પ્રતિમાની આજુબાજુ આવેલી વિંધ્યાચલની ગિરિમાળાઓ લીલીછમ થઈ ગઈ છે. જિલ્લાના ગામડાઓ અને શહેરી વિસ્તારમાં હાલ વરસાદ નથી પડ્યો, પરંતુ જંગલ વિસ્તારમાં વરસાદ પડતા જ ડુંગરો લીલાછમ જોવા મળી રહ્યા છે. સ્ટેચ્યુનો નઝારો નયનરમ્ય બન્યો છે. કોરોના વાઈરસની મહામારીને પગલે સ્ટેચ્યુ ઓફ યુનિટી ૧૧૦ દિવસથી પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યું છે.

જેથી હાલ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં સુનકાર વ્યાપ્યો છે. પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટીના તમામ કર્મચારીઓ દ્વારા તમામ પ્રકારના કામ ચાલુ રાખવામાં આવ્યા છે. ત્યારે સરકાર દ્વારા પ્રવાસન ધામો ખોલવામાં આવશે ત્યારે અહીં આવતા પ્રવસીઓને આવનારા દિવસોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી એક નવારૂપ રંગ સાથે જોવા મળશે. આ બાબતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રસાશન દ્વારા પ્રવાસીઓને આકર્ષવા નવા પ્રોજેક્ટોનું કામ પણ ચાલુ કરવામાં આવ્યું છે.

## જજીસ બંગલો વિસ્તારમાં રથયાત્રા સંદર્ભે લાગ્યા વિવાદાસ્પદ સ્ટીકરો

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૩૦

રથયાત્રા ન યોજાઈ તેનો વિવાદ હજી શમ્યો નથી. અમદાવાદમાં આવેલા જજીસ બંગલો વિસ્તારમાં રથયાત્રા સંદર્ભે વિવાદાસ્પદ સ્ટીકરો જોવા મળ્યા છે. સ્ટીકરોના માધ્યમથી રથયાત્રા ન નીકાળી શકાઈ તેને લઈ રોષ પ્રગટ કરવામાં આવ્યો છે. ભાજપ સરકાર પર સીધા આક્ષેપ સ્ટીકરોના માધ્યમથી કરવામાં આવ્યા છે. .....કર્યો વિશ્વાસઘાત, માફ નહિ કરે જગન્નાથ’, ’રામના નામે માગ્યા વોટ જગન્નાથ માટે મનમાં કેમ ખોટ?, હિન્દુ ઠેકેદારોના રાજમાં મહંત કેમ માગે મોત’ જેવા લખાણ સાથેના વિવિધ સ્ટીકરો રોડ પર વિવિધ સ્થળે ચોંટાડવામાં આવ્યા છે. ભગવાન જગન્નાથની ૧૪૩ મી રથયાત્રા કોરોના સંક્રમણને કારણે માર્ગો પર નીકળી શકી ન હતી.

ત્યારે રથયાત્રાના બીજા દિવસે મહંત દિલીપદાસજીના એક નિવેદને વિવાદ છંછેડ્યો હતો. તેઓએ મીડિયા સામે કહ્યું હતું કે, મારી સાથે રમત રમાઈ છે. રથયાત્રા યોજવાનું વચન આપ્યું હતું, પણ ન યોજાઈ. ત્યારબાદ બીજા દિવસે મહંત દિલીપદાસજીએ કહ્યું હતું કે, સરકારે રથયાત્રા નીકળે તેના માટે પુરા પ્રયાસો કર્યા હતા અને સમગ્ર મામલો થાળે પડ્યો હતો. ત્યારે હવે વિવાદાસ્પદ સ્ટીકર્સ સામે આવ્યા છે. હાલ તો આવા વિવાદાસ્પદ સ્ટીકર જજીસ બંગલો વિસ્તારમાં અનેક જગ્યાએ લાગ્યા છે. જોકે, હજુ સુધી કાઢવામાં નથી આવ્યા.

## ધરમપુરમાં કોરોના વાઈરસ સામે રક્ષણ મેળવવા કોરોના વોરિયર્સને આરોગ્યવર્ધક ઉકાળા વિતરણ

### દરરોજ ૭૦ લીટરથી વધુ ઉકાળો બનાવાયો : ૨૬ હજારથી વધુ લોકોએ લાભ લીધો

-આલેખન-વૈશાલી જે.પરમાર

માહિતી બ્યુરોઃ વલસાડઃ તા.૩૦ કોરોના વાઈરસની મહામારીથી સ્વરક્ષણના ભાગરૂપે માસ્ક તથા સેનીટાઇઝરનો બાહ્ય રીતે ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ આંતરીક રીતે પોતાના શરીરને કોઇ પણ રોગથી બચાવવા વિવિધ બાબતોનું ધ્યાન રાખવું પડે છે. તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે યોગ્ય ખાનપાન, યોગા તથા કસરત પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ તમામને જીવનમાં અપનાવવાથી રોગપ્રતિકારક શકિત વધે છે. જે અનેક રોગથી પોતાને બચાવવા મહત્વનાં પરિબળો છે.

કોરના વાઈરસની મહામારીમાં પોતાને તથા પરિવારને બચાવવા રોગપ્રતિકારક શકિત વધારવા લોકો દ્વારા યોગ તથા આરોગ્યવર્ધક ઉકાળાનો ઉપયોગ કરવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા આયુર્વેદ વિભાગ દ્વારા પણ જણાવવામાં આવ્યું છે. જેના ભાગરૂપે જિલ્લા આર્યુવેદ અધિકારી વલસાડ, ધરમપુર નગરપાલિકા તથા તાલુકા હેલ્થ કચેરી ધરમપુર દ્વારા નિઃશુલ્ક ઉકાળા વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.




હેલ્થ કચેરી ધરમપુર દ્વારા તા.૨૨ થી તા.૨૬ મી જૂન સુધી દરરોજ સવારના ૦૯.૦૦ થી ૦૧.૦૦ કલાક સુધી ધરમપુર ત્રણ દરવાજા, હાથી ખાના ખાના તથા બેંક ઓફ બરોડા મંદિર પાસે નિઃશુલ્ક ઉકાળા વિતરણ કરવામાં આવ્યું હતું. પાંચ દિવસના આ સમયગાળા દરમિયાન ૨૬ હજારથી વધુ લોકોને ઉકાળા વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં કોરોના ફ્રન્ટલાઈનર્સ કહેવાતા આરોગ્ય વિભાગના કર્મચારીઓ, પોલીસ કર્મીઓ, સફાઇ કામદારો તથા જાહેર જનતાનો સમાવેશ થાય છે.

આ વિતરણ માટે રોજ ૭૦ લીટર થી વધુ ઉકાળો સરકારી આર્યુવેદ દવાખાના તિસ્કરીના વૈદ સેજલ પટેલ, સરકારી આયુર્વેદ દવાખાના ખાંડાના વૈદ ભાવિન પટેલ, સરકારી આર્યુવેદ દવાખાના ખારવેલના વૈદ પ્રતિક્ષા પટેલ તથા અન્ય તજજ્ઞોની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે. આ વિતરણની કામગીરીમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ પ્રકાશભાઇ, યતેન્દ્રભાઇ, આશાવર્કર બહેનો, ફિમેલ હેલ્થ વર્કરોએ ઉત્સાહપુર્વક સહયોગ આપ્યો હતો.

### ગીર સોમનાથના વેરાવળ અને મોડાસામાં ૨-૨ ઈંચ વરસાદ, ૧૫ તાલુકામાં ૧ ઈંચ સુધી વરસાદ

(જી.એન.એસ.) ગાંધીનગર,તા.૩૦

રાજ્યના મોટાભાગના વિસ્તારમાં આજ સવારથી મેઘમહેર થઈ રહી છે. આજે એટલે ૩૦ જૂનના રોજ સવારના ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં ગીર સોમનાથના વેરાવળ અને અરવલ્લીના મોડાસામાં ૨-૨ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે ૧૫ તાલુકામાં ૧થી લઈને ૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આમ કુલ ૧૦૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ૨૯ જૂને રાજ્યના ૬૬ તાલુકામાં વરસાદ નોંધાયો હતો, સૌથી વધુ વરસાદ રાજકોટ જિલ્લાના ગોંડલમાં ૪ ઈંચ નોંધાયો હતો.

સવારથી જ અસહ્ય બફારા બાદ બપોરે ધોધમાર વરસાદ વરસતાં માત્ર અડધા કલાકમાં ચાર ઈંચ તોફાની વરસાદ વરસ્યો હતો. તાપીના સોનગઢમાં બે ઈંચ, ડાંગના આહવામાંર ઈંચ તાપીના કુકરમુંડામાં દોઢ ઈંચ તેમજ જૂનાગઢના માણાવદર અને વલસાડના વાપીમાં એક એક ઈંચ વરસાદ પડ્યો હતો.

### અમદાવાદમાં કોરોનાને રોકવા માટે હવે AMC કરશે રેપિડ ટેસ્ટ કીટનો ઉપયોગ

(જી.એન.એસ.) મોડાસા,તા.૩૦

કોરોનાના ઝડપી અને વધુ ટેસ્ટ થાય તે માટે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા રેપિડ ટેસ્ટ કીટનો ઉપયોગ કરવામાં આવશે. સોમવારે મ્યુનિસિપલ કમિશનર સાથે હેલ્થ ઓફીસરની બેઠક મળી હતી ત્યારબાદ દરેક ઝોનના હેલ્થ ઓફીસરની પણ બેઠક યોજવામાં આવી હતી જેમાં રેપિડ ટેસ્ટની વાત કરવામાં આવી છે. સૂત્રોનું માનીએ તો અમદાવાદ કોર્પોરેશન દ્વારા ૨૦,૦૦૦ જેટલી રેપીડ કીટનો ઓર્ડર આપવામાં આવ્યો છે. અને આગામી બે ત્રણ દિવસમાં તે અમદાવાદ આવી જશે. આ કીટ સ્વદેશી છે. ગોરેગાંવની એક કંપની દ્વારા આ કીટ બનાવવામાં આવી છે. દિલ્હીમાં તેનો સફળ પ્રયોગ કર્યા બાદ અમદાવાદમાં તેનો ઉપયોગ કરવામાં આવશે. ખાસ કરીને જે કન્ટેન્મેન્ટ વિસ્તારો છે ત્યાં શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓના ટેસ્ટ કરવા માટે આ કિટનો ઉપયોગ કરાશે.

### હીરા ઉદ્યોગ ફરી બંધ

## કોરોના બેકાબુ થતા હીરાબજાર મહિધરપુરાને ક્લસ્ટર વિસ્તાર જાહેર કરવામા આવ્યુ

(જનાદેશ પ્રતિનિધિ)

સુરતઃ શહેરમાં સતત વધી રહેલા કોરોના કેસને લઈને તંત્ર ચિંતા વધી છે, તેવામાં ડાયમંડ ઉધોગમાં કેસ ઘટવાને બદલે વધી રહ્યા છે. અહીંયા કામ કરતા લોકો નિયમોનું પાલન નથી કરી રહ્યા. જે બાદમાં કેટલાક વિસ્તારો કોરોનાના હોટસ્ટોપ બન્યા છે. આ વિસ્તારમાં રહેતા લોકોને ક્વોરન્ટીન કરીને આ વિસ્તારના ઉદ્યોગોનો બંધ કરવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. કોરોના વાયરસ બાદ અનલોક ૧ શરૂ થતાની સાથે સુરતમાં કોરોના દર્દીઓની સંખ્યામાં સતત વધારે થઈ રહ્યો છે. જેને લઈને તંત્ર ચિંતા વધી છે. સુરતના હીરા ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો સૌથી વધુ કોરોના સંક્રમિત થઈ રહ્યા છે. એટલે કે સૌથી વધુ કેસ રત્નકલાકારોમાં જોવા મળી રહ્યા છે. જેને પગલે વરાછા-કતારગામના ડાયમંડ યુનિટોને ક્લસ્ટર જાહેર કરી સાત દિવસ માટે ફરજિયાત બંધ રાખવા મ્યુ.કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું છે. મહિધરપુરા, લીંબુ શેરી, પીપળા શેરી, નાગરદાસની શેરી, હવાડા શેરી, થોભા શેરી, જદાખાડી રોડ, હાટ પળિયા, ભોજાભાઈની શેરીથી પાટીદારભવન સુધીના વિસ્તારને ક્લસ્ટર જાહેર કરાયો છે.

શહેરના કતારગામ, વરાછા સહિતના વિસ્તારોમાં કોરોનાના વધતા કેસને લઈ તંત્ર સજાગ બન્યું છે. ૮૦ ટકા હીરા ઉદ્યોગ આજથી ફરી બંધ કરવામાં આવ્યો છે. મહિધરપુરા વિસ્તાર ક્લસ્ટર જાહેર કરવામાં આવ્યું છતાં હીરા બજાર ખુલ્યું હતું અને હીરાના વેપારીઓની ભીડ ઉમટી પડી હતી. જોકે, બજાર ખુલતા પોલીસ દ્વારા બંધ કરવામાં આવ્યું છે અને વેપારીઓને પરત મોકલવામાં આવ્યા છે.

## વડોદરા-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર બ્રિજના બ્લોકની પ્લેટ ધરાશાયી થતા કામદારનું મોત

(જી.એન.એસ.)ભરૂચ,તા.૩૦

વડોદરા-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર બ્રિજની કામગીરી દરમિયાન મોટી ઘટના ઘટી છે. જેમાં એક વ્યક્તિનું મોત થયું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ મુજબ વડોદરા-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પરના બ્રિજની કામગીરી દરમિયાન ક્રેનનું સંતુલન ગુમાવતા આ દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં એક કામદારનું મોત થયું છે. બનાવને પગલે મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકઠા થયા હતા.

સ્થાનિક મીડિયા રિપોર્ટ મુજબ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર નજીક શક્કપોર ગામ પાસે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ હાઈવેની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન બ્રિજના બ્લોકની પ્લેટ ધરાશાયી થતા એક કામદારનું મોત નીપજ્યું છે. ક્રેનનું સંતુલન ગુમાવતા ઘટના સર્જાઈ હતી. જો બ્રિજના પ્લેટની ઝપેટમાં વધુ લોકો કામદારો હોત તો મોટી સંખ્યામાં જાનહાનિ થઈ હતી.

બનાવની જાણ થતા ભરૂચ પોલીસે ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચની સિવિલ હોસ્પિટલ મોકલવામાં આવ્યો હતો. સમગ્ર ઘટના અંગે ભરૂચ પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે. બ્રિજના પ્લેટ ધરાશાયી થવાની તસવીરો પણ સામે આવી છે. જે જોતા લાગે છે કે ઘટના બની ત્યારે અન્ય કામદારોમાં કેવો ફફડાટ મચ્યો હશે.


### ફોર્મ જી

નાદારી અને નાદારી નિયમન (નિયમન પ્રક્રિયામાં કોર્પોરેટ વ્યક્તિઓ માટેના નિરાકરણ પ્રક્રિયા) નિયમો ૨૦૧૬ ની નિયમન ૩૬ એ (૧) હેઠળ

| | | સંબધિત વિગતો |
|---|---|---|
| 1 | કોર્પોરેટ દેવાદારનું નામ - | કૃષ્ણ નિટવેર ટેક્નોલોજી લિમિટેડ |
| 2 | કોર્પોરેટ દેવાદારની સ્થાપનાની તારીખ | 23.08.1982 |
| 3 | સત્તાધિકાર હેઠળ કોર્પોરેટ દેવાદાર શામેલ / નોંધાયેલ | કંપનીઓના રજિસ્ટ્રાર, અમદાવાદ |
| 4 | કોર્પોરેટ ઓળખ નંબર / કોર્પોરેટ દેવાદારની મર્યાદિત જવાબદારી ઓળખ નંબર | U17119DN1982PLC000092 |
| 5 | કોર્પોરેટ દેવાદારના રજિસ્ટર્ડ ઓફિસ અને મુખ્ય કચેરી (જો કોઈ હોય તો) નો સરનામું | ગામઃ સમારવરની, કૃષ્ણ નગર, સેલવાસ, સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી - ૩૯૬૨૩૦, ભારત |
| 6 | કોર્પોરેટ દેવાદારના સંદર્ભમાં નાદારીની શરૂઆતની તારીખ | 13.01.2020 (Order uploaded on 28.01.2020) |
| 7 | રસ ધરાવો છો તે અભિવ્યક્તિ માટે આમંત્રણની | 01.07.2020 |
| 8 | કોડે મુજબ કલમ ૨૫ (૨) (એચ) અંતર્ગત રેસોલુશન ઉમેદવારોની પાત્રતા જોવા મળશે | માહિતી www.kktl.in ઉપર ઉપલબ્ધ છે. (ડોક્યુમેન્ટ ટાઇટલઃ ડિટેલડ ઈન્વિટેશન ફોર એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ) |
| 9 | કલમ ૨૯ એ મુજબ બિન-પાત્રતા માટેના નિયમો ઉપલબ્ધ છે | નાદારી અને નાદારી નિયમનની કલમ ૨૯એ માં નોર્મ્સ ઉપલબ્ધ છે. અથવા www.kktl.in પર ઉપલબ્ધ છે. (ડોક્યુમેન્ટ ટાઇટલઃ ડિટેલડ ઈન્વિટેશન ફોર એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ) |
| 10 | એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ મેળવાની છેલ્લી તારીખ | 16.07.2020 |
| 11 | સંભવિત ઠરાવ અરજદારોની અસ્થાયી સૂચિ ઈશ્યૂ કરવાની તારીખ | 26.07.2020 |
| 12 | અસ્થાયી સૂચિના વાંધાઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ | 31.07.2020 |
| 13 | સંભવિત ઠરાવ અરજદારોની અંતિમ સૂચિ ઈશ્યૂ કરવાની તારીખ | 10.08.2020 |
| 14 | માહિતી મેમોરેન્ડમ, મૂલ્યાંકન મેટ્રિક્સ અને સંભવિત ઠરાવ અરજદારોને રિઝોલ્યુશન પ્લાનની વિનંતીની તારીખ | 31.07.2020 |
| 15 | રીઝોલ્યુશન પ્લાન, મૂલ્યાંકન મેટ્રિક્સ, માહિતી મેમોરેન્ડમ અને વધુ માહિતી માટે અરજીઓ મેળવવાની રીત | નાદારી અને નાદારી બોર્ડ ઓફ ઈન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી પ્રક્રિયા) ના નિયમો, ૨૦૧ ૨૦૧૬ ની નિયમન ૨૦૧૬ ૩૬ બીની જોગવાઈઓ અનુસાર અને આગળની ઈમેઈલ આઈડી further email at cirp.kktl@gmail.com |
| 16 | રિઝોલ્યુશન માટે સબમિશન માટેની છેલ્લી તારીખ | 31.08.2020 |
| 17 | રિઝોલ્યુશન રિઝોલ્યુશન માટે રિઝોલ્યુશન યોજનાઓ રજૂ કરવાની રીત | અ) ઈલેક્ટ્રોનિક માધ્યમ થકી કોષ્ટક નંબર ૨૧ માં જણાવેલ ઈમેઈલ -આઈડી માં અને ટપાલ અથવા જાતે સિલબંદ કવરમાં કોષ્ટક ૨૧ માં જણાવેલ એડ્રેસ પાર મોકલવાનું રહેશે |
| 18 | મંજુરી આપનાર સત્તાધિકારને રિઝોલ્યુશન યોજના રજૂ કરવાની અંદાજિત તારીખઃ | 29.09.2020 |
| 19 | રિઝોલ્યુશન પ્રોફેશનલનું નામ અને નોંધણી નંબર | શ્રી બિજેન્દ્રકુમાર મિશ્રા, નોંધણી નંબર IBBI/IPA-002/IP- N00109/2017-2018/10257 |
| 20 | રિઝોલ્યુશન પ્રોફેશનલનું નામ, સરનામું અને ઈમેઈલ, બોર્ડ સાથે નોંધાયેલા તરીકે | : શ્રી બિજેન્દ્રકુમાર મિશ્રા, ફ્લેટ નંબર ૨૦૨, બીજો માળ, ભોજ ભવન, પ્લોટ નંબર ૧૮- ડી, શિવપુરી-સાયન-ટ્રોમ્બે રોડ, ચેમ્બુર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૧, મહારાષ્ટ્ર Email ID: mishrabk1959@gmail.com |
| 21 | રિઝોલ્યુશન પ્રોફેશનલનું નામ, સરનામું અને ઈમેઈલ, બોર્ડ સાથે નોંધાયેલા તરીકે | ફ્લેટ નંબર ૨૦૨, બીજો માળ, ભોજ ભવન, પ્લોટ નંબર ૧૮- ડી, શિવપુરી-સાયન-ટ્રોમ્બે રોડ, ચેમ્બુર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૧, મહારાષ્ટ્ર Email ID (for correspondence): cirp.kktl@gmail.com |
| 22 | વધુ વિગતો આના પર અથવા તેની સાથે ઉપલબ્ધ છે | પર ઈમેઈલ મોકલીને મેળવી શકાય છે cirp.kktl@gmail.com |
| 23 | ફોર્મ પ્રકાશનની તારીખ જી | 01.07.2020 |

શ્રી બિજેન્દ્રકુમાર મિશ્રા
રિઝોલ્યુશન વ્યાવસાયિક કૃષ્ણ નિટવેર ટેક્નોલોજી લિમિટેડ
આઈબીબીઆઈ નોંધણી નંબરઃ ibbi/ipa-002/ip-n00109/2017-2018/10257
પ્રક્રિયા માટેનું ઈમેઈલઆઈડી cirp.kktl@gmail.com
આઈબીબીઆઈનોંધાયેલ ઈમેઈલ આઈડી mishrabk1959@gmail.com
રિઝોલ્યુશન વ્યાવસાયિકનું એડ્રેસ
ફ્લેટ નંબર ૨૦૨, બીજો માળ, ભોજ ભવન, પ્લોટ નંબર ૧૮- ડી, શિવપુરી-સાયન-ટ્રોમ્બે રોડ, ચેમ્બુર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૧, મહારાષ્ટ્ર
તારીખઃ ૦૧.૦૭.૨૦૨૦
સ્થળઃ મુંબઈ